Seat No. _______________

# HW-1901010301020402

## B. A. (Sem. II) Examination

**May - 2023**

## Gujarati : Paper-4

*(Gujarati Vyakaran, sarjan, Lekhan-Kaushal-2)*

*(New Course) (Elective-2)*

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રના કુલ પાંચ પ્રશ્નોના જવાબ આપવાના છે.

(2) જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

પ્રચારનું ખરું સાધન તો કૃતિ જ છે. તો પણ જેમ પ્રસંગવિશેષે મતપ્રતિપાદનની આવશ્યકતા આપણે કલ્પી હતી તેમજ મતપ્રતિપાદનમાંથી પણ બીજાના મતની ભૂલ બતાવવાનો પ્રસંગ પણ કલ્પી શકાય. પણ બીજાના મતનું ખંડન કરવું એ જુદું અને બીજાનું જ ખંડન કરવું એ જુદું. કોઈ મતની અસારતા બતાવતી વખતે તે મત ધરાવનારા માણસને જ ભેળવી દઈને ટીકા કરવી ગેરવાજબી છે. નાળિયેરની કાછલી ફોડીને અંદરથી જેમ કોપરું લઈએ છીએ તેમ માણસનો મત (ભૂલભરેલો લાગે તો) ફોડીને અંદરનો માણસ ગ્રહણ કરતાં આવડવું જોઈએ. કિનારો વાંકો હોવાથી નદીનો વળાંક વાંકો હોય તો પણ જેમ પાણી વાકું હોતું નથી, અથવા રોટલો ગોળ હોય તો પણ તેનો સ્વાદ ગોળ હોતો નથી, તે જ પ્રમાણે માણસનો મત ભલે કદાચ દૂષિત હોય તો પણ એ મત ધરાવનાર માણસ દૂષિત હોતો નથી. નદીનો વળાંક અથવા રોટલાનો આકાર જેમ બાહ્ય પરિસ્થિતિથી બનેલો હોય છે તેમ જ માણસનાં મનનું છે. તેથી જ માણસના મતનો વિચાર કરતી વેળાએ માણસને બાજુએ જ રાખવો જોઈએ.

**- વિનોબા ભાવે**

**અથવા**

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

ઘણાં માણસો ભરજુવાનીમાં પણ ડોસાડોસી જેવાં જ હોય છે. એમનો આકાર જુવાન જેવો હોય છે, પણ આત્મા તો જરઠ જ હોય છે. દુનિયા છે તેવી જ બહુ સારી છે એમ માનનારાં, સો ગળણે ગાળીગાળીને પાણી પીનારાં અનેક ઠરેલ, ઠાવકાં ગણાતાં જુવાન સ્ત્રી-પુરુષો તત્ત્વતઃ જરઠ જ છે. જગતનો મોટો ભાગ આવા નિત્ય જરઠોનો જ બનેલો છે. વ્યવહાર નભે છે - સંસારના સારામાઠા અંશો જળવાઈ રહે છે - તે એમને જ લીધે. તો કેટલાક મનુષ્યો નિત્યયુવાન હોય છે. દેહ વૃદ્ધ થાય, છતાં એમનો આત્મા તો સદાયે યૌવનથી થનગની રહ્યો હોય છે. એમના જીવનમાં સદા ઉત્સાહ ઉછળતો હોય છે, ને શક્તિ લાવારસની પેઠે

ધૂમાધૂમ કરી રહી હોય છે. એમની ઈચ્છાશક્તિ અદમ્ય હોય છે ને આદર્શ મહાન હોય છે. જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતું નથી. વર્તમાન અપૂર્ણ જગતમાંથી કોઈ પૂર્ણ જગત સરજાવવાની એમની નિત્ય લગની હોય છે. અને જગત જે કંઈ પ્રગતિ કરી શકે છે તે પણ આવા યુવક આત્માઓના યત્નોને લીધે જ. દુનિયામાં જે કંઈ સુધારા થાય છે તેમાં પ્રેરકબળ આવા યુવાનોનું જ હોય છે.

**- વિશ્વનાથ મ. ભટ્ટ**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

માણસના મનની અંદર હંમેશાં બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે અને બીજીમાંતી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે, અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની પણ જરૂર છે. અને જાણ્યેથી પણ બસ નથી, પણ જાણ્યા પછી એ પ્રમાણ વર્તવાનું છે. નીતિનો વિચાર તો 'આર્કિટેક્ટ' (સ્થપતિ)ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે, પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઈ પડે છે, તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે, તે વિષે ભાષણો કરે છે. પણ તે પ્રમાણે ચાલતા નથી, અને ચાલવા માંગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવા લાયક વિચાર ગણાય જ નહીં. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણને સૂંપર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.

**- ગાંધીજી**

**અથવા**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

આજના લોકતંત્રમાં જનતાનું સ્થાન સાવ નહિવત્ છે. ચૂંટણી થતાં મતદાનપેટીમાં મત નાંખી આવવો, બસ એટલું જ છે. ઉમેદવારની પસંદગીનો, ઉમેદવારને અંકુશ કે નિયંત્રણમાં રાખવાનો, એના કામનો હિસાબ લેવાનો જનતાને કોઈ અધિકાર નથી. પ્રતિનિધિ જનતાના છે પણ એનો કોઈ અંકુશ નહિ! આ વિસંવાદ દૂર થવો જોઈએ... આપણું લોકતંત્ર બહું સંકુચિત આધાર વડે કેટલું છે. પાયાના આધારે ટકેલા પિરામીડ જેવું એ છે. એટલા વાસ્તે આ પ્રકારની વ્યવસ્થાને પાયામાંથી જ બદલવાનો હું હિમાયતી છું... કરોડોની સંખ્યામાં વેરવિખેર પડેલા વ્યક્તિગત મતદારો રેતીના કણોના એવા ઢગલા સમાન છે, જે કોઈ પણ રચનાનો પાયો ન બની શકે. રેતીના કણોને તો ઈંટો કે કોન્ક્રિટમાં રૂપાંતરિત કરીને જ કોઈ ઈમારતના થાંભલા ખડા કરી શકાય. એને માટે, લોકો જ્યાં એક સાથે રહે છે, જ્યાં લોકોના જીવનની હિલચાલ સાથે સાથે થાય છે, એવા જીવંત એકમોમાં જઈને લોકશક્તિ ખડી કરવી જોઈશે... આજે જે શક્તિ કુંઠિત છે, સૂતેલી છે એને જાગૃત કરવી પડશે, સંગઠિત કરવી પડશે.

**3** નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો : **14**

(1) તમારું ગામ કયુ છે
(2) કેવું હલકું પ્લાસ્ટર માર્યું છે
(3) બહુ નાની ઉંમરે એમને ખોટો સંગ લાગ્યો
(4) શાબાશ તમે ખૂબ સરસ રમ્યા
(5) રબારી જેવી રૂપાળી ખડતલ અને ખુમારીવાળી જાતિ એકેય નહીં
(6) અરૂણાએ કહ્યું હું આવીશ
(7) આજનો દિવસ કેવો જશે

**અથવા**

**3** જોડાક્ષર એટલે શું? તે સમજાવી, વ્યંજનોને અડકાડી લખાતા જોડાક્ષર અને વ્યંજન હલન્તથી લખાતા જોડાક્ષર વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરો. **14**

**4** નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ સમજાવો : **14**

(1) લીલીસૂકી જોવી.
(2) શેર લોહી ચઢવું.
(3) હથેળીમાં ચાંદ બતાવવો.
(4) હાથ કાળા કરવા.
(5) ઈડરિયો ગઢ જીતવો.
(6) અડદ સાથે મગ ભળવા.
(7) આડખીલીરૂપ બનવું.

**અથવા**

**4** નીચે આપેલ કહેવતોના અર્થ આપો : **14**

(1) ઘર વેચીને તીરથ કરવું.
(2) ઘી ઢળ્યું તો ખીચડીમાં.
(3) ચોર કોટવાળને દંડે.
(4) છછૂંદરના છયે સરખા.
(5) છાણના દેવને કપાસિયાની આંખ.
(6) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
(7) ઝાઝી કીડીઓ સાપને તાણે.

**5** નીચેના 4 પૈકી કોઈ પણ 2 પ્રશ્નોના જવાબ આપો. **14**

(1) દ્વન્દ્વ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો આપો.
(2) અવ્યયીભાવ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.
(3) કર્મધારય સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો આપો.
(4) તત્પુરુષ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.

---